# ભારતીય જનતા પક્ષ

કેન્દ્રીય કાર્યાલય
11, અશોક રોડ, નવી દિલ્હી-110001
ફોનઃ 23005700, ફેક્સઃ 23005787

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

ઈટાલીની સંરક્ષણ કંપની ફિનમેકાનિકા પાસેથી રૂ.3500 કરોડના ખર્ચે 12 એડબલ્યુ 101 વીવીઆઈપી હેલિકોપ્ટરની ખરીદીમાં થયેલા કટકી કૌભાંડની સીબીઆઈ તપાસ અદાલતની દેખરેખ હેઠળ થાય અને તે ચોક્કસ સમયમાં પૂર્ણ થાય એવી માગણી ભારતીય જનતા પક્ષે કરી છે. અદાલતની દેખરેખ વિના સીબીઆઈ તપાસમાં કોઈ નક્કર પરિણામ નહિ આવે, એવો મત ભાજપે વ્યક્ત કર્યો છે. કોંગ્રેસે જનતાના દબાણને લીધે તે કૌભાંડમાં ટુ-જી કૌભાંડ અને અન્ય કૌભાંડોની જેમ તપાસનો આદેશ આપ્યો, પણ તપાસમાં વિલંબ કર્યો છે. ટુ-જી  કૌભાંડમાં 15 મહિનાની નબળી તપાસ બાદ સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યા પછી પરિણામ આવ્યું હતું.

વીવીઆઈપી હેલિકોપ્ટરની ખરીદીમાં થયેલા કટકી કૌભાંડની વિગતો ભારતીય અને ઈટાલિયન પ્રસાર માધ્યમોમાં ચર્ચાને ચકડોળે ચડી હોવા છતાં સરકાર તેમાં યોગ્ય તપાસ ટાળી રહી હોવાનો આક્ષેપ ભાજપે કર્યો છે.

રસપ્રદ બાબત એ છે કે રાજ્યસભામાં 12 ડિસેમ્બર, 2012ના રોજ મેં આ મુદ્દો ઊઠાવ્યો ત્યારે તેમાં સરકારે આંતરિક તપાસ થઈ રહી હોવાની જાણકારી આપી ન હતી. ઉલટાનું એવું કહેવામાં આવ્યું હતું કે તે બાબતે ભારતીય

એજન્સીઓ દ્વારા કોઈ તપાસ શરૂ કરવામાં આવી નથી. વાસ્તવમાં સરકાર માહિતીના આધારે તપાસ હાથ ધરી શકે, ઈટાલીથી સત્તાવાર માહિતી આવે તેની પ્રતિક્ષા કરવી જરૂરી નથી.

હેશ્ક અને તેના સાથી જેરોસા વચ્ચે થયેલી વાતચીતની ટ્રાન્સસ્ક્રીપ્ટ વેબસાઈટો પર છેલ્લા ચાર મહિનાઓથી ઉપલબ્ધ છે. આમછતાં ભારત સરકારે તેની નોંધ લીધી નથી.

બીજી બાજુ સંરક્ષણ મંત્રાલય પણ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ટેકનિકલ ધોરણોની વાત કરે છે. અહીં કોઈ ટેકનિકલ ધોરણોનો મુદ્દો જ નથી, બલકે કટકી કૌભાંડ અને સરકાર સમયસર તેમાં તપાસ ન કરી શક્યાનો મામલો છે.

કોંગ્રેસ ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે, જેમ કે ટુ-જી, કોલસા કૌભાંડ, લોન કૌભાંડ વગેરે વગેરે યુપીએ સરકારની આગવી ઓળખ બની ગયા છે.

વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડ મસમોટું કૌભાંડ હોવાથી સરકારે તે બાબતે જનતાને જવાબ આપવો જ પડશે.

(1) વીવીઆઈપી હેલિકોપ્ટર સોદા પર કોણે હસ્તાક્ષર કર્યા અને કોણે તેને અંતિમ ઓપ આપ્યો ?

(2) કોને કટકી મળી ?

(3) બે જગ્યાએ ઈટાલિયન ચાર્જશીટમાં પરિવારને 2.8 કરોડ યુરોની ચૂકવણી થયાનો ઉલ્લેખ છે. દેશ એ જાણવા ઈચ્છે છે કે પરિવાર એટલે કોણ ?

(4) હેશ્ક અને એમાર એમજીએફ વચ્ચે શું સાંઠગાંઠ છે ?

(5) આઈડીસ ઈન્ડિયાની આ ખરીદી પ્રકરણમાં શું ભૂમિકા છે ?

(6) સરકારે આ કૌભાંડની માહિતી મેળવવા ઈરાદાપત્ર સુપરત કર્યો છે ખરો ?

**ઓ.પી.કોહલી**

**હેડક્વાર્ટર ઈન્ચાર્જ**